GJSR100004962024

सत्यमेव जयते

અરજી સ્વીકાર્યા તા. ૨૦/૦૯/૨૦૨૪
અરજી નોંધ્યા તા.૨૦/૦૯/૨૦૨૪
અરજી ફેંસલ તા.૨૪/૦૩/૨૦૨૬
સમય ગાળો વર્ષ ૦૧ માસ ૦૬ દિવસ ૦૫

## <u>મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબશ્રીની કોર્ટમાં,</u>

## <u>મુ.ઉમરપાડા, જિ.સુરત.</u>

**<u>પરચુ. ફોજદારી અરજી નં. ૭૮ / ૨૦૨૪</u>**

**આંક–**

અરજદાર (૧) વસાવા ઈલાબેન તે કપિલભાઈની પત્ની તે અર્જુનભાઈ વસાવાની પુત્રી
ઉ.આ.વ. ૩૨, ધંધો– ઘરકામ,

(૨) સગીર કૃપાલ કપિલભાઈ વસાવા
ઉ.આ.વ. ૧૭, ધંધો– અભ્યાસ

(૩) સગીર કૃપાલી કપિલભાઈ વસાવા
ઉ.આ.વ. ૧૪, ધંધો–અભ્યાસ,
તમામ રહે. નવા ચકરા, ગામીત ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત.
(અરજદાર નં.(૨) તથા (૩) ના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે અરજદાર નં.(૧).

**વિરૂધ્ધ**

સામાવાળા (૧) કપિલભાઈ જેસિંગભાઈ વસાવા
ઉ.આ.વ. ૩૮, ધંધો– ખેતી તથા નોકરી
રહે. ઘર નં.૨૮૮, ઉમરદા, કોટવાળ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત

(૨) સેવુબેન જેસિંગભાઈ વસાવા
ઉ.આ.વ. ૬૦, ધંધો– ખેતી

(૩) જેસિંગભાઈ નકટીયાભાઈ વસાવા

ઉ.આ.વ. ૬૨, ધંધો– ખેતી

(૪) નરેશભાઈ જેસિંગભાઈ વસાવા

ઉ.આ.વ. ૪૦, ધંધો– ખેતી

તમામ રહે. ઉમરદા, કોટવાળ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત

(૫) જયોતિકા બાલાજી વસાવા

ઉ.આ.વ. ૨૮, ધંધો– નોકરી

રહે. હલધરી, નિશાળ ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત

**બાબત : ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની કલમ –૧૨,૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૨ મુજબ.**

અરજદાર પક્ષે :– વિ.વ.શ્રી એન.બી.ચોકસી.

સામાવાળા પક્ષે :– વિ.વ.શ્રી એસ.આર.વસાવા.

**–:: ઠ રા વ ::–**

**(૦૧) અરજીની ટૂંક હકિકત એવી છે :–**

અરજદારે સામાવાળા વિરુધ્ધ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ મુજબની અરજી કરેલ છે. અરજદાર હાલ સગીર સંતાનો સાથે પિયરમાં રહેતા આવેલ છે. અરજદારના લગ્ન રીત–રીવાજ મુજબ સને ૨૦૦૬ની સાલમાં દિવાળીના માસમાં થયેલ. સામાવાળા નં.(૧) પતિ, સામાવાળા નં.(૨) સાસુ, સામાવાળા નં.(૩) સસરા, સામાવાળા નં.(૪) જેઠ તથા સામાવાળા નં.(૫) તે સામાવાળા નં.(૧) ની લીવ ઈન પાર્ટનર છે. અરજદાર સામાવાળા નં.(૧) સાથે લગ્ન જીવનના તમામ હકકો ભોગવતા આવેલા, પરંતુ સામાવાળા નં.(૨) તથા (૩) ને અરજદાર પસંદ ન હોય, જેથી સામાવાળા નં.(૧) ને છોડી દેવા માટે વખતો વખત ઉશ્કેરણી કરતા આવેલા અને તે બાબતે તમામ સામાવાળાઓ અરજદાર સાથે ઝઘડો કરતા હતાં. જેથી વધુ લડાઈ–ઝઘડો ન થાય તે માટે અરજદાર સામાવાળા નં.(૧) ને ઘરજમાઈ તરીકે રહેવા લઈ

આવેલા. સદર સામાવાળા નં.૧ થકી હમોએ દીકરા નામે કૃપાલ તથા દીકરી નામે કૃપાલીનો જન્મ થયેલો જે બંને હાલમાં અમો અરજદાર સાથે અમારા પિયર મુકામે રહી અભ્યાસ કરતા આવેલા છે. સામાવાળા નં.(૧) નાએ અમો અરજદારના પિતા પાસે પૈસાની માંગણી કરેલી અને જે પરત કરવાની શરતે અરજદારના પિતાએ આપેલ. તે પૈસાથી સામાવાળા નં.(૧) નાએ ઉમરદા મુકામે પાકુ મકાન બનાવેલુ. જેના માલિક તરીકે સામાવાળા નં.(૧) નું નામ ચઢાવી દિધેલ. પરંતુ લીધેલ પૈસા આજદિન સુધી અરજદારના પિતાને પરત કરેલ નથી. ત્યારબાદ સામાવાળા નં.(૧) નાઓને છેલ્લા બે થી ત્રણ વર્ષથી હલધરી, નિશાળ ફળિયા, તા.ઉમરપાડા, જિ.સુરત મુકામે રહેતા સામાવાળા નં.(૫) જયોતિકા બાલાજી વસાવા સાથે લગ્ન બાહય સંબંધ ચાલી આવેલા છે. જેની જાણ અરજદારને તેમના મોબાઈલમાં સામાવાળા નં.(૫) સાથેના નગ્ન હાલતમાં ફોટોઓ મળી આવતા જાણ થયેલી. જેથી અરજદારે સામાવાળા નં.(૧) ને પુછતા તેઓ એકદમ ઉશ્કેરાઈ જઈ અરજદારની સાથે લડાઈ ઝઘડો કરી અરજદારને માર મારી અને હું તો તેને જ રાખવાનો છે તેમ જણાવેલ. સામાવાળા નં.(૧) સાથે લગ્ન બાહય સંબંધ રાખી સામાવાળા નં.(૫) ને અરજદારની સાથે મોજે ઉમરદા, તા.ઉમરપાડા, જિ.સુરતના ઘરમાં જોરજબરજસ્તીથી રાખતા આવેલા છે. જે બાદ સામાવાળાએ અરજદારોને પહેરેલ કપડે સગીર બાળકો સાથે ઘરની બહાર કાઢી મુકેલ. જેથી અરજદારે સામાવાળા સામે પોલીસ ફરિયાદ કરેલ હતી. સામાવાળા અરજદારોને તેડી ગયેલ નથી. હાલમાં પણ સામાવાળાઓ એકસંપ થઈ અરજદારને ધમકીઓ આપતા આવેલા છે. જેથી અરજદારોનું સામાવાળા સાથે રહેવુ જોખમી છે. આ કામના સામાવાળા નં.(૧) નાએ અરજદારનોના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી અને અરજદારોનો સ્વેચ્છાએ ત્યાગ કરેલ છે. અરજદારને શારીરિક અને માનસિક ત્રાસ આપી તરછોડી દિધેલ છે. સામાવાળા નં.(૧) શરીરે તંદુરસ્ત છે, કોટક મહિન્દ્રા ફાઈનાન્સમાં નોકરી કરી માસિક રૂ.૨૫,૦૦૦/-આવક મેળવે છે તથા મોજે. ઉમરદા ગામે ખેતીની જમીન આવેલ છે, જેમાંથી વાર્ષિક પાંચ લાખ રૂપિયા આવક મેળવે છે. સામાવાળા નં.(૨) થી (૪) સ્વતંત્ર આવક મેળવતા હોય, સામાવાળા નં.(૧) ના માથે અરજદારો સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી અને તેઓ આવક મેળવવા સક્ષમ નથી.

**દાદ :**

(૧.૧) સબબ અરજ કરેલ છે કે, સામાવાળાઓ અરજદારોને કોઈપણ પ્રકારે શારીરિક, માનસિક, જાતીય, આર્થિક હિંસા ન કરે તથા ન કરાવે, સામાવાળા નં.(૧) આ કામના અમો અરજદારોને દરેકને માસિક રૂ.૧૦,૦૦૦/- લેખે કુલ માસિક રૂ.૩૦,૦૦૦/- ચૂકવે તેવો હુકમ કરવા, અરજદારને જાતીય હિંસાના વળતર પેટે રૂ.૧૦,૦૦,૦૦૦/-ચૂકવવા, અરજદારોને રહેવા માટે એક મકાન અથવા ભાડેથી મકાન તથા ડિપોઝીટ ભરે અને મેન્ટેનન્સ ભરે અને રહેઠાણ અંગેની તમામ જવાબદારી અદા કરે તથા અરજીમાં માંગેલ અન્ય દાદ અન્વયે હુકમ મેળવવા દાદ માંગેલ છે.

**<u>સામાવાળાનો બચાવ :-</u>**

(૦૨) હાલના કામે અરજદારની અરજીની કરવામાં આવેલ નોટીસ આ કામના સામાવાળાઓને ધોરણસર બજી જતાં તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ. ત્યારબાદ સામાવાળાઓએ અરજદારની અરજીનો લેખિત જવાબ આંક-૦૮ થી રજૂ કરેલ છે. તેમાં મુખ્યત્વે અરજદારની અરજીની હકીકત ખોટી હોવાનું જણાવી, વધુમા જણાવેલ છે કે, સામાવાળા નં.(૧) થી (૪) નાઓ અંગે અરજદારે અરજીમાં જણાવેલ હકીકત સાચી છે, પરંતુ સામાવાળા નં .(૫) સામાવાળા નં.(૧) ના લીવ ઈન પાર્ટનર નથી. સામાવાળા નં.(૧) ના લગ્ન અરજદાર નં .(૧) સાથે વર્ષ-૨૦૦૬માં દિવાળી માસમાં સમાજના રીત-રિવાજ મુજબ થયેલાની હકીકત સ્વીકારેલ છે. અરજદારોને ખૂબ જ સારી રીતે રાખતા આવેલ છે અને અરજદાર અને બાળકોને ખૂબ જ પ્રેમ કરતા આવેલ છે અને હાલ પણ કરીએ છીએ. સામાવાળાઓએ અરજદારને કયારે હેરાન પરેશાન કરેલ નથી. અરજદાર નં.(૨) તથા (૩) ના ભણતરના તથા કપડા વિગેરેના ખર્ચા સામાવાળા કરતા આવેલ છે. આ કામના અરજદાર પોતે જ ઝઘડાળુ સ્વભાવની અને શંકાશીલ સ્વભાવની હોય અને અરજદાર સામાવાળા સાથે ઝઘડાઓ કરી નિકળી ગયેલ છે અને હાલમાં સામાવાળા અરજદારને પત્ની તરીકે રાખવા રાજીખુશી છે, પરંતુ અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતી નથી. સામાવાળા છૂટક મજૂરી કરી આવક મેળવે છે. આ કામના સામાવાળા નં.(૧) અરજદાર સાથે મોજે ઉમરદા ગામે રહેતા હતા અને સામાવાળા નં.(૨) થી (૪) અલગ ઘરમાં રહેતા હતા અને સામાવાળા નં.(૫) હલધરી (નિશાળ ફળિયુ) માં રહેતા આવેલ છે. સામાવાળા નં.(૧) ને માતા પિતા તથા નાના ભાઈના કુટુંબની જવાબદારી છે. અરજદારે ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ ત્યારે સમાજના

રીતરીવાજ મુજબ પંચોની હાજરીમાં છૂટાછેડા પેટે અરજદાર તથા તેઓના પિતાજીને રૂ.૧ ,૦૦,૦૦૦/– ચુકવી આપેલ છે. આમ, અરજદાર સામાવાળા પાસેથી કોઈ દાદ મેળવવા હકકદાર ઠરતા નથી. જેથી અરજદારની ડોમેસ્ટીક વાયોલેન્સની અરજી ખર્ચ સહિત નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૦૩) હાલના કામે દહેજ પ્રતિબંધક અધિકારી, સુરત (પ્રોટેકશન ઓફીસર) ધ્વારા તા.૧૫/૧૦/૨૦૨૪ ના રોજ ઘરેલુ હિંસા અન્વયેનો રીપોર્ટ રજૂ કરેલ છે અને સામાવાળા ધ્વારા અરજદારને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોવાનું જણાવી કલમ ૧૮ અન્વયે રક્ષણનો હુકમ, કલમ ૧૯ અન્વયે રહેઠાણનો હુકમ, કલમ ૨૦ અન્વયે ભરણપોષણનો હુકમ તેમજ કલમ ૨૨ હેઠળ વળતરનો હુકમ આપવા રીપોર્ટમાં જણાવેલ છે.

**અરજદારનો પુરાવો:–**

(૦૪) અરજદાર ધ્વારા તેઓના અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**મૌખિક પુરાવા :**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૦ | અરજદાર વસાવા ઈલાબેન તે કપિલભાઈની પત્ની તે અર્જુનભાઈ વસાવાની પુત્રી નાઓનું લેખીત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું. |

**દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નં. | આંક / નિશાની | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | અરજદારની મિલકત અને જવાબદારીઓ અંગેનું સોગંદનામું |
| ૨ | ૧૫ | મોજે ગામ ઉમરદાના રે.સ.નં.૧૯ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ |
| ૩ | ૧૬ | મોજે ગામ ઉમરદાના ખાતા નં.૯૬ ના ગામ નમુના નં.૮/અ ની નકલ |
| ૪ | ૧૭ | પોલીસ ફરિયાદ |
| ૫ | ૧૮ | પોલીસ ફરિયાદ |

| | | |
|---|---|---|
| ૬ | ૧૯ | મોજે ઉમરદાના ઘર નં.૨૮૮ ની ઘરવેરાની રસીદ |
| ૭ | ૨૦ | મોજે ઉમરદાના ઘર નં.૨૮૭ ની ઘરવેરાની રસીદ |
| ૮ | ૨૧ | ઉમરદા દૂધ ઉત્પાદક મંડળીના દાખલાની નકલ |
| ૯ | ૨૨ | સામાવાળાની નોકરી અંગેનું સોગંદનામાની પ્રમાણિત નકલ |
| ૦ | ૨૩ થી ૬૩ | અરજદારો ના ખર્ચ અંગેના બીલો |
| ૧૧ | ૬૪ | અરજદાર અને સામાવાળા નં.(૧) ના લગ્ન ફોટોગ્રાફ્સ |
| ૧૨ | ૬૭ | સામાવાળાની ફેમિલી કોર્ટ, માંડવી ખાતેની સરતપાસ તથા ઉલટતપાસ |
| ૧૩ | ૬૮ | સામાવાળા નં.(૧) તથા સામાવાળા નં.(૫) સાથેનો ફોટો |
| ૧૪ | ૬૯ | અરજદારે ફેમિલી કોર્ટ, માંડવીમાં રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટની નકલ. |
| ૧૫ | ૭૯ તથા ૮૦ | લગ્ન કંકોત્રી |

**(૦૫) અરજદાર તરફે પુરાવો:–**

ત્યારબાદ, અરજદાર ધ્વારા આંક–૧૦ થી સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. અરજદાર તેમની સોગંદ પરની સરતપાસમાં અરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. સામાવાળાના વિ.વકીલશ્રી ધ્વારા અરજદારની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે, મારા લગ્ન અઢાર વર્ષ અગાઉ થયેલા હતા. એ વાત ખરી છે કે હાલ હું મારા બાળકો સાથે મારા પિતાના ઘરે રહુ છુ. એ વાત ખરી છે કે મારા સાસરી મુકામે મારા સાસુ–સસરા અલગ ઘરમા રહે છે. એ વાત ખરી છે કે મારા દીયર નરેશભાઈનું કુટુંબ અલગ રહે છે. એ વાત ખરી નથી કે આ કામના સામાવાળા નંબર–૫ જ્યોતિકા બાલાજી વસાવાનાઓ હલધરી, તા.ઉમરપાડા મુકામે રહે છે. એ વાત ખરી છે કે મારા સંતાનોનો જન્મ નવા ચકરા મુકામે થયેલો. અમો લગ્ન થયા ત્યારથી આશરે પંદર વર્ષ સુધી નવા ચકરા ગામે રહેલા હતા અને ત્યાર બાદ છેલ્લા બે–ત્રણ વર્ષથી ઉમરદા મુકામે રહેવા ગયેલ હતા. એ વાત ખરી નથી કે સામાવાળા મારા પતિના માતા–પિતા ઉંમરલાયક છે. એ વાત ખરી નથી કે મારા સાસુ–સસરાની ભરણપોષણની જવાબદારી મારા પતિ પર છે. એ વાત ખરી છે કે મે સામાવાળા સામે ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હતી. એ વાત ખરી નથી કે પોલીસ સ્ટેશનમાં મે છુટાછેડા માટે પંચો ભેગા કરેલ હતા. એ વાત ખરી નથી કે છુટાછેડા પેટે સામાવાળાએ રૂા.૧,૦૦,૦૦૦/– મારા પિતાને ચુકવી આપેલ હતા. એ વાત ખરી છે કે સામાવાળા નંબર–૧ નાએ પોતે કોટક ફાઈનાન્સમાં નોકરી કરતા હોય તે દર્શાવતો દસ્તાવેજી પુરાવો મે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળા નંબર–૧ ના નામે કોઈ જમીન આવેલ હોય તે દર્શાવતો

દસ્તાવેજ રજૂ કરેલ નથી. સાહેદ જણાવે છે કે મારા સાસુ–સસરાના નામની જમીન છે, જે સામાવાળા નંબર–૧ ખેડે છે. એ વાત ખરી નથી કે સામાવાળા નંબર–૧ નાએ મારા છોકરા–છોકરીનો તમામ સ્કુલ ખર્ચ તથા તેમનું ભરણ પોષણ કરે છે. એ વાત ખરી નથી કે સામાવાળા નંબર–૧ નાએ મારી સાથે કોઈ ત્રાસ આપી કોઈ ઘરેલુ હિંસા કરેલ નથી. એ વાત ખરી નથી કે મારો સ્વભાવ વહેમીલો હોય જેથી જાતે સામાવાળાનું ઘર છોડી જતી રહેલ છુ. એ વાત ખરી નથી કે સામાવાળાઓને હેરાન કરવા માટે ખોટી અરજી કરેલ છે.

અરજદાર તર્ફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક–૭૦ થી કલોઝીંગ પુરશીસથી તેઓએ તેમનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

**<u>સામાવાળાનો પુરાવો:–</u>**

(૦૬) સામાવાળા દ્વારા તેઓના અરજી જવાબના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૭૬ | સામાવાળા કપીલભાઈ જેસિંગભાઈ વસાવા નાઓનું લેખીત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું. |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અનુ. નં. | આંક / નિશાની | વિગત |
|---|---|---|
| – | – | – |

સામાવાળા તર્ફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક–૮૨ થી કલોઝીંગ પુરશીસથી તેઓએ તેમનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

**<u>(૦૭) સામાવાળા તરફે પુરાવો:–</u>**

ત્યારબાદ, સામાવાળા દ્વારા આંક–૭૬ થી સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. સામાવાળાએ તેમની સોગંદ પરની સરતપાસમાં અરજી જવાબમાં જણાવેલ હકીકતોનું

પુનરાવર્તન કરેલ છે. અરજદારના વિ.વકીલશ્રી ધ્વારા સામાવાળાની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ કામના અરજદાર મારા પત્નિ તેમજ કૃપાલ અને કૃપાલી મારા દિકરો–દિકરી છે. એ વાત ખરી છે કે આ કામના અરજદાર નંબર ૨ અને ૩ અરજદાર નંબર ૧ સાથે છેલ્લા એક વર્ષથી તેમના પીયરમાં સાથે રહેતા આવે છે. એ વાત ખરી છે કે મે મારી પત્નિને છેલ્લા એક વર્ષમાં તેડી જવા માટે કોઈ પ્રયત્ન કરેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મે છેલ્લા એક વર્ષથી મારા પત્નિ કે બાળકોનો ભરણપોષણ કરતો હોઉ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે હું શરીર સ્વસ્થ અને તંદુરસ્ત છું. એ વાત ખરી છે કે મારી પત્નિના પીયરથી અમો ઉમરદા મુકામે ઘર નંબર ૨૮૮ માં રહેવા ગયેલા ત્યારે તેમના ઘરેથી બે પલંગ, બે કબાટ, ઘર વખરીનો સામાન, તેમજ સ્ટીલના બે અનાજ ભરવાના પીપ, કપડા લઇને ગયેલા. એ વાત ખરી છે કે ઉપર મુજબનો સામાન હાલ પણ તેજ ઘરમાં છે. એ વાત ખરી છે કે હાલમાં હું ઉમરદામાં ઘર નંબર ૨૮૮ માં રહુ છું તેમજ મારા માતા–પિતા બાજુના ઘરમાં રહે છે. એ વાત ખરી છે કે હાલમાં હું રાજપીપળા મુકામે નોકરી કરવા જાઉ છું. મને આજ રોજ વિશ્વજીત કે જે ભાઈનો દીકરો થાય છે. તેના લગ્નની કંકોત્રી બતાવવમાં આવે છે. જે કંકોત્રી વિશ્વજીતના લગ્નની જ છે જે રજુ દાખલ આંક–૭૯ આપવમાં આવે છે. જેમાં કાકા તરીકે મારૂ તથા કાકી તરીકે જ્યોતિકાબેન કપિલભાઈ વસાવાનું નામ છે. હાલના કામે સામાવાળા નંબર–૫ છે. મને આજ રોજ સાવન કે જે મામાનો દીકરો થાય છે. તેના લગ્નની કંકોત્રી બતાવવમાં આવે છે. જે કંકોત્રી સાવનના લગ્નની જ છે જે રજુ દાખલ આંક–૮૦ આપવમાં આવે છે. જેમાં કાકા તરીકે મારૂ તથા કાકી તરીકે જ્યોતિબેન કપિલભાઇ વસાવાનું નામ છે. હાલના કામે સામાવાળા નંબર–૫ છે. એ વાત ખરી છે કે આ કામના સામાવાળા નંબર–૫ એટલ કે જ્યોતિકાબેન અને અમો પતિ–પત્નિ તરીકે સાથે રહીએ છીએ. એ વાત ખરી નથી કે જ્યોતિકાબેન અને મારી વચ્ચે પતિ–પત્નિ તરીકે વર્ષથી સંબંધો હતા. સાહેદ જણાવે છે કે છેલ્લા ચાર–પાંચ મહિનાથી જ છે. એ વાત ખરી નથી કે મારા અને જ્યોતિકાબેનના સંબંધોને લઇને ઇલાબેન અમારાથી અલગ રહે છે. એ વાત ખરી છે કે મે આ કામે મારી પત્નિ વિરુધ્ધ કરેલ આક્ષેપોનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારે અને જ્યોતિકાબેનને લગ્ન બાહ્ય સંબંધો હોય તે મુજબની ફરીયાદ આ કામના અરજદાર નંબર–૧ નાઓએ ઉમરપાડા પોલીસ સ્ટેશને કરેલ. મને કોર્ટના રેકર્ડમાંથી નિ. ૩/૨/૧ તથા નિ.૩/૨/૨ વાળા ફોટો બતાવવમાં આવે છે જેમાં હુ અને જ્યોતિકાબેન છીએ. એ વાત ખરી છે કે હાલમાં મારો દિકોર કોલેજમાં અને દિકરી ધોરણ નવમાં અભ્યાસ કરે છે. એ વાત ખરી છે કે છેલ્લા એક વર્ષથી અરજદાર નંબર ૨ અને ૩ નો ભણવાનો ખર્ચ અરજદાર ૧ નાઓ કરતા આવેલ છે. એ વાત ખરી છે કે ઘર નબંર–૨૮૮ મોજે ઉમરદા, તા. ઉમરપાડા, જિ. સુરત વાળું ઘર મારા નામે ચાલતુ આવેલ છે. એ વાત ખરી છે કે મોજે ઉમરદા, તા. ઉમરપાડા માં બ્લોક

નંબર–૧૯ વાળી જમીન આવેલ છે. એ વાત ખરી છે કે એ જમીનમાં મકાઇ, જવાર, તુવેર કે જે વરસાદમાં થાય છે તે પાકો લેવા આવીએ છીએ. એ વાત ખરી નથી કે અમો ઉમરદા દૂધ ઉત્પાદક મંડળીમાં દુધ ભરાવીએ છીએ. મારે એસ.બી.આઈ. તેમજ યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયામાં ખાતુ છે.

પ્રશ્ન – તમે છેલ્લા ત્રણ વર્ષના ઉપરોકત બેંકના ખાતાનું સ્ટેટમેન્ટ રજુ કરવા તૈયાર છો ?

જવાબ – હાજી. સાહેદ જણાવે છે કે બેંકની પાસબુક તેમજ એ.ટી.એમ. અરજદાર પાસે છે.

એ વાત ખરી નથી કે ઉપરોકત બેંકના દસ્તાવેજો અરજદાર પાસે છે તે પાછા મેળવવા અમોએ કોઈ કાર્યવાહી કરેલી નથી. એ વાત ખરી છે કે મે આ કામે આવી કોઇ કાર્યવાહી કરેલ હોય તેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે સદર બેંકના દસ્તાવેજો અરજદાર પાસે છે તેવી હકીકતો આજે પ્રથમ વાર જણાવું છું. એ વાત ખરી છે કે હું હાલ જ્યાં નોકરી કરૂ છું તે પેહલા કોટક મહિન્દ્રા ફાઇનાન્સ કંપનીમાં ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ નીભાવતો હતો, એ વાત ખરી છે કે મોજે ઉમરદા ગામે તા.ઉમરપાડા મુકામે મિલકત નંબર ૨૮૭ વાળું ઘર મારા પિતાના નામે પર આવેલું છે. એ વાત ખરી છે કે છેલ્લા બાર વર્ષથી પ્રાઇવેટ ફિલ્ડમાં નોકરી કરૂ છું. એ વાત ખરી છે કે મને ઉમરદા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદનો પત્ર બતાવવમાં આવે છે. જે જોઈને કહું છું કે તેમાં મારૂ નામ છે. સાહેદ જણાવે છે કે હું સભાસદ છું પણ આજ દિન સુધી ક્યારેય દુધ ભરાવેલ નથી, એ વાત ખરી છે કે આંક–૯ થી મારા દ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામામાં નોકરી તેમજ ખેતી કરી ઉપજ મેળવતો હોય તેનો ઉલ્લેખ કરેલો નથી. એ વાત ખરી નથી કે મે મારા જવાબ કે સરતપાસ પર ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી નથી કે હું ઉમરદા મુકામે દૂધ ઉત્પાદક મંડળમાં દુધ ભરૂ છું અને માસિક રૂા. ૨૦,૦૦૦/– આવક મેળવું છું. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**<u>દલીલ :–</u>**

**(૦૮)** સદર કામ દલીલોના તબકકે મુકરર થતાં, અરજદાર તથા સામાવાળાઓ તરફે વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે. જે ધ્યાને લીધી.

**(૦૯)** અરજદારની અરજી, રજૂ થયેલ પુરાવાઓ તેમજ અરજીના સંજોગો લક્ષમાં લેતા અરજદારની અરજીના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે :–

**<u>–(:મુદ્દાઓ:)–</u>**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, આ કામના સામાવાળાઓએ તેઓને કૌટુંબિક ત્રાસ

આપેલ છે?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૧૮ મુજબ અરજદાર રક્ષણનો હુકમ મેળવવા હક્કદાર છે ?

(૩) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૧૯ અન્વયે, અરજદાર રહેઠાણનો હુકમ મેળવવા હક્કદાર છે ?

(૪) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૨૦ અન્વયે, સામાવાળા પાસેથી અરજદાર નાણાકીય સહાય પેટે માસિક રકમ મેળવવા હક્કદાર છે ?

(૫) શું અરજદાર સાબિત કરે છે કે, સદર કાયદાની કલમ–૨૨ અન્વયે, તેઓ સામાવાળા પાસેથી શારીરિક અને માનસિક ત્રાસ બદલના વળતર પેટે નાણાકીય વળતર મેળવવા હક્કદાર છે ?

(૬) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક–નિર્ણયો અને તારણો નીચે મુજબ છે :–

(૧) અંશત: હકારમાં.

(૨) હકારમાં.

(૩) અંશત: હકારમાં.

(૪) અંશત: હકારમાં.

(૫) અંશત: હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

**<u>–(:કારણો:)–</u>**

**(૧૧)** **<u>મુદ્દાનંબર–૧ થી ૬ અંગે :–</u>**

આ કામે મુદ્દા નંબર–૧ થી ૬ એકબીજા સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલ હોય અરજીની હકીકતો/પુરાવાનું પુનરાવર્તન ટાળવાના આશયથી દરેક મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો

કાયદો, ૨૦૦૫ નો ઉદ્દેશ જોઈએ તો, સદર કાયદાની જોગવાઈઓ નીચે મુજબ છે:

This Act Primarily meant to provide protection to the wife or female live-in partner from violence at the hands of the husband or male live-in partner or his relatives, the law also extends its protection to women who are sisters, widows or mothers. Domestic violence under the act includes actual abuse or the threat of abuse whether physical, sexual, verbal, emotional or economic. Harassment by way of unlawful dowry demands to the woman or her relatives would also be covered under this definition.

The Salient features of the Protection from Domestic Violence Act, 2005 are as follows:-

The Act seeks to cover those women who are or have been in a relationship with the abuser where both parties have lived together in a shared household and are related by consanguinity, marriage or a relationship in the nature of marriage, or adoption; in addition relationship with family members living together as a joint family are also included. Even those women who are sisters, widows, mothers, single women, or living with the abuser are entitled to get legal protection under the proposed Act.

Domestic violence" includes actual abuse or the threat of abuse that is physical, sexual, verbal, emotional and economic. Harassment by way of unlawful dowry demands to the woman or her relatives would also be covered under this definition.

One of the most important features of the Act is the woman's right to secure housing. The Act provides for the woman's right to reside in the matrimonial or shared household, whether or not she has any title or rights in the household. This right is secured by a residence order, which is passed by a court. These residence orders cannot be passed against anyone who is a woman.

The other relief envisaged under the Act is that of the power of the court to pass protection orders that prevent the abuser from aiding or committing an act of domestic violence or any other specified act, entering a workplace or any other place frequented by the abused, attempting to communicate with the abused,isolating any assets used by both the parties and causing violence to the abused, her relatives and others who provide her assistance from the domestic violence.

આમ, કૌટુંબિક હિંસાની લાક્ષણિકતા એ છે કે તે સર્વત્ર પ્રર્વતતી હોવા છતાં આપણા સમાજમાં તે જાહેરમાં જવ્વલે જ જોવા મળતી હોય છે.

**(૧૨)** હાલના કામે અરજદાર દ્વારા ઘરેલુ હિંસાખોરી ધારા–૨૦૦૫ ની કલમ–૧૨ અન્વયે હાલની અરજી આપી સામાવાળા તેમના પતિ હોય તેઓ વિરૂદ્ધ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની વિવિધ કલમો અન્વયે દાદ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. સદરહું કાયદાની કલમ–૨(એફ) વંચાણે લેવામાં આવે તો, કૌટુંબિક સંબંધોની વ્યાખ્યા આપવામાં આવેલી છે, તે મુજબ બે વ્યકિતઓ વચ્ચેનો સંબંધ કે જેઓ ભાગીયા ઘરમાં રહેતા હોય અથવા કોઈ એક સમયે રહી હોય કે જ્યારે તેઓ સપિંડ લગ્ન અથવા લગ્ન સ્વરૂપના સંબંધ, દત્તક દ્વારા અથવા સંયુકત કુટુંબ તરીકે કુટુંબના સભ્ય તરીકે સાથે રહેતી હોય તેમજ સદર કાયદાની કલમ–૦૩ અન્વયે કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યા આપવામાં આવેલ છે, તે મુજબ અરજદાર સાથે તેની જિંદગી જોખમાય તે રીતે તેમજ શારીરિક કે માનસિક ત્રાસ આપવામાં આવે કે દહેજ કે કિંમતી જામીનગીરી આપી દેવા ધમકી આપવામાં આવે, તે સંજોગોમાં આ કલમની જોગવાઈ મુજબ ભોગ બનનાર સાથે કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું માનવામાં આવે છે.

**(૧૩)** વધુમાં, હાલના કામે પ્રોટેકશન ઓફિસરશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી– સુરત દ્વારા ઘરેલુ હિંસાખોરીની કલમ–૧૨(૧) અન્વયેનો રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતાં અરજદાર દ્વારા પ્રોટેકશન ઓફિસર રૂબરૂ અરજદાર ધ્વારા હાલની અરજીમાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ હોય તેઓને યોગ્ય દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૧૪)** હાલના કામે અરજદારની અરજી, સોગંદ પરની જુબાની તથા સામાવાળા તરફે રજુ થયેલ જવાબ તથા પક્ષકારોની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો, એ હકીકત નિર્વિવાદ છે કે, અરજદાર નં.(૧) અને સામાવાળા નં.(૧) વચ્ચે પતિ–પત્ની તરીકેનો તથા અરજદાર નં.(૨) તથા (૩) અને સામાવાળા નં.(૧) વચ્ચે પુત્ર, પુત્રી – પિતા સંબંધ છે. વધુમાં સામાવાળા ધ્વારા તેઓના સોગંદ પરની સરતપાસમાં અરજદાર સાથે લગ્ન થયેલ હોવાની હકીકત કબૂલ રાખેલ છે તથા અરજદાર નં.(૨) તથા (૩) તેઓના દિકરા તેમજ દિકરી છે. હાલના કામે અરજદારો દ્વારા હાલની અરજી દાખલ કર્યા બાદ, કોર્ટ દ્વારા સામાવાળાઓને પ્રોટેકશન ઓફિસર મારફતે નોટીસની બજવણી કરવા હુકમ કરવામાં આવેલ છે, જે નોટીસની ધોરણસર

બજવણી સામાવાળાઓને થઈ ગયેલ છે અને સામાવાળા ધ્વારા આંક–૦૮ થી પોતાનો જવાબ રજૂ રાખેલ છે. તે સંજોગોમાં સામાવાળાઓને સદરહું કાયદાની કલમ–૧૩ અન્વયે નોટીસની ધોરણસર બજવણી થઈ ગયેલ હોવાનું પુરવાર થાય છે.

**(૧૫)** હાલના કામે અરજદાર દ્ધારા તેઓની આંક–૧૦ થી સોગંદ પર જુબાની આપી મેજીસ્ટ્રેટ સમક્ષ કરેલ અરજી મુજબની હકીકત જણાવી અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજૂર કરવા રજૂઆત કરેલ છે. સામાવાળાઓ ધ્વારા પણ અરજદારની અરજીની હકીકતોને નકારી કાઢી પોતાનો જવાબ રજૂ કરેલ છે. હાલના કામે સામાવાળા તથા અરજદારના લગ્ન થયેલાની હકીકત તથા અરજદજાર નં .(૨) તથા (૩) ના પિતા હોવાની હકીકત જણાઈ આવેલ છે. અરજદારની અરજી તથા સોગંદ પરની સરતપાસમાં જણાવ્યા મુજબ સામાવાળા નાએ અન્ય સ્ત્રી સાથે લગ્ન બાહ્ય સંબંધ રાખેલ હોય અને સામાવાળાએ અરજદારની સાથે મારપીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તથા અરજદારના પિતાએ સામાવાળા નં.(૧) ને આપેલ ઘર બાંધવાના રૂપિયા પરત આપેલ નથી તથા સામાવાળા નં.(૨) તથા (૩) ને અરજદાર પસંદ ન હતા અને તેની ચઢામણી સામાવાળા નં.(૧) ને કરતા હતા તથા અરજદારે સામાવાળા નં.(૧) તથા સામાવાળા નં.(૫) ને ઘરે લાવી અરજદારની રૂબરૂ રાખી તથા અરજદાર સાથે જબરજસ્તી કરી, લડાઈ ઝઘડો કરી અરજદારોને કાઢી મુકી, ભરણપોષણની વ્યવસ્થા ન કરી તથા સામાવાળાના લગ્ન બાહ્ય પ્રેમસંબંધના કારણે અરજદારોને તેડી ગયેલ નથી.
જે સંબંધે સામાવાળા ધ્વારા તેઓના જવાબમાં તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. અરજદારની સામાવાળા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાસુ સસરા તથા દિયર નરેશભાઈ અલગ રહેતા હતા, અરજદાર અને સામાવાળા નં.(૧) ૧૫ વર્ષથી નવા ચકરા મુકામે રહેતા અને બે – ત્રણ વર્ષથી ઉમરદા મુકામે રહેવા આવેલ. સામાવાળા નં.(૧) ની આવક દર્શાવતો પુરાવો રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે સામાવાળા સામે ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. હાલના કામે આંક–૭૬ થી સામાવાળા નં.(૧) ની અરજદાર ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, અરજદારો છેલ્લા એક વર્ષથી પિયરમાં રહે છે, તેડી જવા માટે કોઈ પ્રયત્ન કરેલ હોય તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી, અરજદારોનું ભરણપોષણ કરતા હોવા અંગેનો પુરાવો રજૂ રાખેલ નથી, શરીરે સ્વસ્થ છું, હું રાજપીપળા મુકામે નોકરી કરવા જાઉ છું, આંક–૭૯ તથા આંક–૮૦ ના દસ્તાવેજોમાં

જયોતિકાબેન કપિલભાઈ વસાવા નામ દર્શાવેલ છે, આ કામના સામાવાળા નં.(૫) એટલ ે કે જયોતિકાબેન અને અમો પતિ-પત્ની તરીકે સાથે રહીએ છીએ. નિ.૩/૨/૧ તથા નિ.૩/૨/૨ વાળા ફોટોમાં હુ તથા જયોતિકાબેન છે. આમ, રજુ પુરાવાનું મૂલ્યાંકન કરતા, અરજદાર એક ગૃહિણી મહિલા છે, જેઓ કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી, પક્ષકારો વચ્ચે સામાવાળા નં.(૧) ના લગ્ન બાહ્ય સંબંધના કારણે અગાઉથી જ અણબનાવ હોવાના કારણે પોલીસ ફરિયાદ થયેલ હોવાનું તથા સામાવાળા નં.(૧) ના સામાવાળા નં .(૫) સાથેના લગ્ન બાહ્ય સંબંધ હોવાનું પણ રેકર્ડ પર આવે છે. વધુમાં કોઈ સ્ત્રી વિના કારણે પોતાના પતિનું ઘર ત્યાગ કરે નહી, કારણ કે, અરજદારને આવકનુ કોઈ સાધન નથી તથા બે સંતાનોનું ભરણપોષણ કરવા અરજદાર સક્ષમ નથી. સબબ કામે અરજદાર તથા સામાવાળા નં.(૧) તે લગ્ન જીવન દરમિયાન સામાવાળા નં.(૨) થી (૪) નાઓથી અલગ રહેતા હતા અને અરજદાર ધ્વારા સામાવાળા નં.(૨) થી (૪) નાઓએ તેઓને શારીરિક કે માનસિક ત્રાસ આપેલ હોય તે અંગેનો પુરાવો રજૂ રાખેલ નથી, પરંતુ સામાવાળા નં.(૧) નાએ આપેલ ત્રાસના કારણે અરજદારને ઘર છોડવુ પડયુ હોય / સામાવાળા નં.(૧) નાએ કાઢી મુકેલ હોય તેમ માનવાને કારણ રહે છે. વધુમાં સામાવાળા નં.(૧) તરફે સદર અરજદારને શારીરિક કે માનસિક ત્રાસ ન આપેલ હોય તે બાબતે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી. આમ, અરજદાર ધ્વારા તેઓની અરજીમાં જણાવેલ હકીકતે સામાવાળા નં.(૧) સાથેના લગ્ન જીવન દરમ્યાન માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાના કારણસર અરજદાર સામાવાળા નં.(૧) થી અલગ રહેતા હોય તેમ માનવાને કારણ રહે છે અને તેથી સામાવાળા નં.(૧) ધ્વારા લગ્ન જીવન દરમ્યાન આપવામાં આવેલ ત્રાસની હકીકતના કારણે અરજદારને સામાવાળા નં.(૧) થી અલગ રહેવા વ્યાજબી કારણ ઉપસ્થિત થયેલ છે.

**(૧૬)** અરજદાર તરફે રજુ થયેલ અરજી, સામાવાળાનો જવાબ તથા રજૂ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, હાલના કેસમાં અરજદાર દ્વારા ઘરેલુ હિંસાખોરી ધારા-૨૦૦૫ની વિવિધ કલમો અન્વયેના હુકમો મેળવવા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે તેમજ કૌટુંબિક હિંસા તરીકે અરજદાર દ્વારા સામાવાળા સાથેના લગ્નજીવન દરમિયાન જે-જે બનાવો બનેલ છે, તેની વિગતો રજૂ કરેલ છે, જે પૈકી અરજદાર સામાવાળાના ઘરે યાને કે તેમની સાસરીમાં રહેવા ગયા બાદ સામાવાળાએ અરજદારને સારી રીતે રાખ્યા બાદ,

અરજદાર દ્વારા સામાવાળા અરજદારને રાખવા માંગતા ન હોય, સામાવાળા દ્વારા અરજદારને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોવાનું તેમજ સામાવાળાના લગ્ન બાહય સંબંધો હોય તે બાબતે કહેવા જતા સામાવાળાએ અરજદારને ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકીકત અરજદાર દ્વારા જણાવવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અરજદાર દ્વારા તેઓના સોગંદ પરના પુરાવામાં અરજીની હકીકતોને સમર્થન કરતી હકીકતો સોગંદ ઉપર જાહેર કરવામાં આવેલ છે તેમજ અરજદારના જણાવ્યા મુજબ તેઓ હાલમાં પિયરમાં રહેતા હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. સદર અરજદાર દ્વારા અરજી તેમજ સોગંદ પરની જુબાનીમાં સામાવાળા વિરુધ્ધ માનસિક અને શારીરિક ત્રાસ અંગે જે આક્ષેપો કરેલ છે તેનું ખંડન કરવા સામાવાળા તર્ફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આમ, અરજદાર દ્વારા અરજી તેમજ સોગંદ પરની જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે સંબંધી શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત સામાવાળા તરફે રેકર્ડ પર આવેલ નથી. વધુમાં અરજદાર દ્વારા તેઓની અરજી તથા પ્રોટેકશન ઓફીસર સમક્ષના રીપોર્ટમાં સામાવાળાઓએ લગ્ન જીવન દરમ્યાન અરજદારને સામાવાળા દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, પ્રોટેકશન ઓફીસર દ્વારા સામાવાળા દ્વારા અરજદારને ત્રાસ આપેલ હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે. વધુમાં અરજદાર દ્વારા હાલની અરજીમાં જણાવેલ હકીકતને પ્રોટેકશન ઓફીસર સમક્ષ મુજબની જ વિગતો જણાવેલ છે. આમ, સામાવાાળા દ્વારા અરજદારની સોગંદ પર રજૂ કરેલ પુરાવો કે મૂળ અરજીથી વિરૂધ્ધની શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૧૭) આમ, સદર કામેનું રેકર્ડ ધ્યાને લેતાં, અરજદારની અરજી, અરજદારની સોગંદ પરની સરતપાસ, સામાવાળાનો જવાબ તથા સામાવાળાની સોગંદ પરની સરતપાસ ધ્યાને લીધેલ છે. આ કામના અરજદારે તેઓના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી સામાવાળાને લગ્ન બાહય સંબંધ હોવાથી સામાવાળાએ અરજદારને ત્રાસ આપેલ હોવાથી પુરવાર કરેલ છે અને સામાવાળાના આવા કૃત્યના કારણે અરજદારને તેઓની બે સંતાનો સાથે સામાવાળાનુ ઘર છોડવુ પડેલ છે અને ઓશિયાળુ જીવન જીવવુ પડી રહેલ છે. જેથી ડોમેસ્ટીક વાયોલન્સના કાયદાની કલમ–૦૩ અન્વયે કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યામાં સદર અરજદારે જણાવેલ હકીકત પડે છે તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે અને તે સંજોગોમાં

આ કલમની જોગવાઈ મુજબ ભોગ બનનાર સાથે કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું માનવામાં આવે છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સામાવાળા નં.(૨) થી (૪) નાઓ વિરુધ્ધ કૌટુંબિક હિંસા આચરેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, પરંતુ સામાવાળા નં.(૧) નાએ અરજદારને કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું ફલિત થતુ હોય, **મુદ્દા નં.(૧) નો નિર્ણય અંશત: હકારમાં** આપવામાં આવે છે.

(૧૮) હાલના કામે અરજદાર દ્વારા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૮ અન્વયે પ્રોટેકશન આપવા/રક્ષણનો હુકમ મેળવવા દાદ માંગેલ છે. સદર કલમના આવશ્યક તત્વો અન્વયે અરજદારની સોગંદ પરની સરતપાસ તથા સામાવાળાનો જવાબ વંચાણે લેવામાં આવે તો પક્ષકારો વચ્ચે પતિ–પત્ની તરીકેના સંબંધો હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી તેમજ અરજદાર દ્વારા તેમની સાસરીમાં તેમના લગ્નજીવન દરમિયાન, માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. વધુમાં, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર દ્વારા તેઓની અરજી તથા સોગંદ પરની સરતપાસમાં જે હકીકતો જણાવવામાં આવેલ છે, તે હકીકતો સંબંધે સામાવાળા દ્વારા તેઓના જવાબમાં માત્ર ડિનાઈલ સ્વરૂપના કથનો કરવામાં આવેલ છે. સામાવાળા તરફે અરજદારની અરજીની હકીકતોનો સંપૂર્ણ રીતે નિરર્થક ઠરાવતા હોય તો, તે અરજદારની અરજીની હકીકતો સંબંધે શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત સામાવાળાના લેખિત જવાબમાં કે સોગંદ પર રજુ કરવામાં આવેલ પુરાવામાં જણાઈ આવેલ નથી તેમજ અરજદારો તેમના પિયરમાં રહેતા આવેલા છે. આમ, જયારે અરજદાર તથા સામાવાળાઓ વચ્ચે પતિ–પત્ની તરીકેના સંબંધો હોય અને લગ્નજીવન દરમીયાન અરજદારને શારીરિક અને માનસીક ત્રાસ આપવામાં આપેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. જે ધ્યાને લેતા સામાવાળાનું કૃત્ય ઘરેલુ હિંસા ધારાની કલમ–૩ અન્વયે કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યામાં આવી જાય તેમ છે અને સામાવાળાઓના તેવા વર્તનના કારણે અરજદારને પિયર મુકામે રહેવા આવી જવુ પડેલ છે. જેથી, પ્રથમ દર્શનીય રીતે વ્યથિત વ્યકિત તરીકે અરજદાર સાથે કૌટુંબિક હિંસાખોરી થયેલ હોવાનું જણાઈ આવતુ હોય અરજદારો સામાવાળા સામે રક્ષણનો હુકમ મેળવવા હક્કદાર હોય, **મુદ્દા નંબર (૨) નો નિર્ણય હકારમાં** આપવામાં આવે છે.

(૧૯) હાલના કામે અરજદાર દ્વારા કલમ–૧૯ અન્વયે સામાવાળા વિરૂદ્ધ રહેઠાણનો હુકમ મેળવવા

દાદ માંગવામાં આવેલ છે. હાલના તબક્કે કલમ–૧૯ વંચાણે લેવામાં આવે તો, તેમાં જણાવેલ છે કે, કલમ–૧૨ ની પેટા કલમ–૧ હેઠળની અરજીનો નિકાલ કરતી વખતે મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે કૌટુંબિક હિંસા બની છે તો તે રહેઠાણનો હુકમ કરશે. સદરહું હકીકતને નજર સમક્ષ રાખી હાલના કેસમાં અરજદાર સાથે સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, પક્ષકારો વચ્ચે પતિ–પત્ની તથા પિતા–પુત્ર, પુત્રી તરીકેના સંબંધો હોવા બાબતે, કોઈ વિવાદ લેવામાં આવેલ નથી તેમજ અરજદાર દ્વારા તેઓની અરજી તથા સોગંદ પરની સરતપાસમાં તેમના લગ્નજીવન દરમિયાન સામાવાળા દ્વારા જે કાંઈ ત્રાસ આપવામાં આવતો હતો, તે ત્રાસ અંગેની સંપૂર્ણ વિગતો જણાવવામાં આવેલ છે, જે અંગેની કોઈ વિરૂદ્ધની હકીકતો સામાવાળાએ તેમના બચાવ સ્વરૂપે રેકર્ડ પર લાવેલ નથી. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર સામાવાળા સાથે રહેતા મુખ્યત્વે સામાવાળા સાથે તકરારો થયેલ છે. અરજદાર તથા સામાવાળા પતિ–પત્ની તરીકેના સંબંધો હોવાની હકીકત જણાઈ આવેલ છે અને તે સંજોગોમાં, સામાવાળા પતિ તરીકે રહેઠાણ અંગેની વ્યવસ્થા કરવા બંધાયેલા છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદારને સામાવાળા ધ્વારા તેઓના લગ્ન જીવન દરમિયાન આપવામાં આવેલ ત્રાસના કારણે અરજદાર તેમના પિયરમાં રહેતા હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે તે સંજોગોમાં જો અરજદાર અને સામાવાળા નાઓને એક જ છત નીચે રહેવા આદેશ કરવામાં આવે તો બીન જરૂરી તકરારો થાય તેમ છે તે સંજોગોમાં અરજદારને સામાવાળા સાથે એક છત નીચે રહી શકે તેમ નથી. તે સંજોગોમાં સામાવાળાના તાબાના મકાનની અંદર અરજદારે રહેઠાણનો હુકમ કરવો વ્યાજબી જણાતો નથી. પરંતુ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૯(૬) ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, પેટા કલમ–૧ હેઠળ હુકમ કરતી વેળાએ, મેજિસ્ટ્રેટ પક્ષકારોની ભાડુ ચૂકવવા નાણાકીય જરૂરીયાતો અને ઉપલબ્ધ સાધનો–સ્ત્રોતના સંદર્ભમાં, ભાડુ ચુકવવા માટે અથવા બીજી ચૂકવણી માટે સામાવાળાને ફરજ લાદી શકશે. આમ, કલમ–૧૯(૬) અન્વયે મેજિસ્ટ્રેટ રહેઠાણના હુકમ સંબંધે સામાવાળાને ભાડુ ચુકવવા હુકમ કરી શકશે, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં જ્યારે અરજદાર સામાવાળા સાથે એક જ ઘરમાં રહી શકે તેમ ન હોય, અરજદારને રહેઠાણનો હુકમ કરવા સિવાય જો સામાવાળા પર ભાડા અંગેની જવાબદારી મૂકવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ છે અને તે સંજોગોમાં, નવા ચકરા, ગામીત ફળિયુ, તા.ઉમરપાડા, જિ.સુરત ખાતે પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા, માસિક રૂા.૧,૦૦૦/–

ભાડા પેટે સામાવાળા દ્વારા અરજદારોને ચૂકવવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોય, **<u>મુદ્દા નંબર (૩) નો નિર્ણય અંશત: હકારમાં</u>** આપવામાં આવે છે.

(૨૦) હાલના કામે અરજદાર દ્વારા ઘરેલુ હિંસાખોરીની કલમ–૨૦ અન્વયે નાણાકીય સહાયની દાદ માંગવામાં આવેલ છે. સદર કામે અરજદાર ધ્વારા સામાવાળા નોકરી કરી માસિક રૂ.૨૫,૦૦૦/– તથા ખેતીની આવક વાર્ષિક પાંચ લાખ મેળવે છે તેમ જણાવેલ છે. જે સંબંધે અરજદાર ધ્વારા આંક–૧૫ તથા આંક–૧૬ થી મોજે ગામ ઉમરદા, તા.ઉમરપાડાના બ્લોક / સર્વે નં.૧૯ ના ૭/૧૨ તથા ૮/અ ની પ્રમાણિત નકલ રજૂ રાખેલ છે જે ધ્યાને લેતાં જેમાં કબજેદાર તરીકે જયસિંગભાઈ નકટીયાભાઈ કે જેઓ સામાવાળા નં.૧ ના પિતા છે તેમના નામે છે, આંક–૧૯ થી સામાવાળા નં.(૧) ના નામે આવેલ મિલકત, આંક–૨૦ થી સામાવાળા નં.(૨) ના નામે આવેલ મિલકત, આંક–૨૧ થી સામાવાળા નં.(૧) નાઓ ઉમરદા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદ હોવા અંગેનો પુરાવો, આંક–૨૨ થી સામાવાળા નં.(૧) રક્ષિત મોટર્સ ખાતે નોકરી કરતા હોવા અંગેનું સોગંદનામુ રજૂ રાખેલ છે. સદર કામે સામાવાળાની અરજદારના વિ.વકીલશ્રી કરવામાં ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, છેલ્લા ૧૨ વર્ષથી પ્રાઈવેટ ફિલ્ડમાં નોકરી કરૂ છું, ખેતી કરતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં અરજદાર ધ્વારા તેઓના રોજબરોજના થતા ખર્ચો, સંતાનોના ભણતર તથા આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી અંગેના બીલો આંક–૨૩ થી આંક–૬૩ લગત રજૂ રાખેલ છે. આમ, અરજદાર ધ્વારા સામાવાળા નં.(૧) નાઓ નોકરી તથા ખેતી કરતા હોવાની હકીકત રેકર્ડ પર લાવેલ છે, પરંતુ ચોકકસ આવક અંગે અરજદાર તરફે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી. સબબ કામે અરજદાર ધ્વારા નિ.૮૪/૧ થી ફેમિલી કોર્ટ, માંડવી ખાતે ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૭/૨૦૨૪ ના કામેનો ચુકાદો રજૂ રાખેલ છે જે હાલના અરજદારોએ સામાવાળા નં.૧ નાઓ સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૪૪ મુજબ ભરણપોષણ મેળવવાની અરજી કરેલ જે ચુકાદામાં સામાવાળાની આવક ૩૫ હજારથી ૪૦ હજાર અનુમાન કરવામાં આવેલ હતું. જેથી હાલના કેસમાં પણ રેકર્ડ પર આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતાં સામાવાળા નોકરી, પશુપાલન તથા ખેતીની આવકથી ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦/– સુધી આવક મેળવતા હોવાનું અનુમાન કરવામાં આવે છે. વધુમાં સામાવાળા ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, છેલ્લા એક વર્ષથી અરજદારોનું ભરણપોષણ કરેલ નથી. હાલના કામે અરજદારો સામાવાળાથી અલગ પિયર મુકામે રહેતા

હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. તે સંજોગોમાં સામાવાળા પતિ તથા પિતા તરીકે અરજદારોના આર્થિક સહાય પેટે નાણાકિય વ્યવસ્થા કરી આપવા બંધાયેલ છે. તે સંજોગોમાં, અરજદારની માંગણી અન્વયે અરજદારોના દૈનિક તથા જીવન જરૂરીયાતોની ચીજવસ્તુઓ, ભણતર અને તે અનુસંધાને કરવામાં આવેલ અનુમાન ધ્યાને લેવાનું રહે છે. અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે. ફેમિલી કોર્ટ, માંડવી ખાતે રજિસ્ટર થયેલ ક્રિ.પરચુ.અરજી નં. ૧૭૭/૨૦૨૪ ના કામે સામાવાળા નં.(૧) ને અરજદારોને કુલ રૂ.૧૩,૦૦૦/- ભરણપોષણ પેટે ચૂકવવા હુકમ કરેલ હતો. જેથી હાલના અરજદારને સામાવાળા પાસેથી **અંશત: વધારો** આપવો આવશ્યક જણાય છે. આ કામે સામાવાળા નં.(૧) નાએ અરજદાર નં.(૧)ને માસિક આર્થિક સહાય પેટે માસિક રૂા.૫૦૦/- તથા અરજદાર નં.(૨) ને માસિક રૂ.૫૦૦/- તથા અરજદાર નં.(૩) ને માસિક સહાય પેટે રૂ.૫૦૦/- ચૂકવી આપે તેવો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોય, **<u>મુદ્દા નંબર (૪) નો નિર્ણય અંશત: હકારમાં</u>** આપુ છું.

**(૨૧)** અરજદાર દ્વારા હાલના કામે શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવા બદલ રૂપિયા નાણાકીય વળતર મેળવવા રૂ.૧૦,૦૦,૦૦૦/- ની દાદ માંગવામાં આવેલ છે. પરંતુ અરજદાર દ્વારા તેઓની અરજી તથા સોગંદ પરની જુબાનીમાં શારીરિક અને માનસિક ત્રાસ પેટે તેઓને કેટલુ આર્થિક નુકસાન થયેલુ? તેમને કેટલી વ્યથા ભોગવવી પડેલી? તે અંગેની કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી તેમજ સામાવાળાના તેવા કૃત્યથી અરજદારને ચોક્કસ કેટલુ નુકસાન થયેલુ છે ? તે અંગેની પણ કોઈ હકીકત દર્શાવેલ નથી પરંતુ રજુ થયેલ પુરાવા ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે સામાવાળાના કૃત્યના કારણે અરજદારને માનસિક તેમજ શારીરિક ત્રાસ થયેલ હોવાનુ પુરવાર થયેલ હોય, પરંતુ આ બાબતે અરજદારે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલ ન હોય જેથી અરજદાર દ્વારા સામાવાળાએ આપેલ શારીરિક અને માનસિક ત્રાસ બદલ વળતર પેટે મેળવવા સંબંધે કોઈ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં, અરજદાર માંગ્યા મુજબનું વળતર મેળવવા અરજ કરેલ છે તે વધારે પડતો અતિશયોકતી ભરેલ જણાય આવે છે પરંતુ અરજીની હકીકતો અને સંજોગો ધ્યાને લઈ જો અરજદારને રૂપિયા ૫,૦૦૦/- તેના માનસિક તથા શારીરિક ત્રાસના વળતર પેટે આપવામાં આવે તો ન્યાયોચીત રહેશે. જેથી, **<u>મુદ્દા નંબર (૫) નો નિર્ણય અંશત: હકારમાં</u>** આપવામાં આવે છે.

**(૨૨)** અરજદાર દ્વારા તેઓની અરજી મુજબની આનુષાંગિક દાદો મેળવવાની માંગણી કરવામાં

આવેલ છે પરંતુ, હાલના કામે ઘરેલુ હિંસાખોરી ધારા અન્વયે અરજદારને મળવાપાત્ર દાદો સંબંધે ઉપરોકત વિગતોએ નિર્ણય કરેલ છે અને અરજદારને આ ચુકાદાથી મંજૂર કરવામાં આવેલ દાદો મુજબ સામાવાળા વર્તન ન કરે તો, અરજદાર કાયદા મુજબ તેનું સક્ષમ ઓથોરીટી દ્વારા પાલન કરાવવા એટલે કે, રક્ષણ મેળવવા હક્કદાર છે. તે સંજોગોમાં, ઉપરોકત મુદ્દા નંબર (૧) થી (૫) અંગે કરેલ વિગતવાર ચર્ચા ધ્યાને લઈ, **મુદ્દા નંબર (૬)** પરત્વે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-::/(હુકમ)/::-**

૧. અરજદારની કૌટુંબિક હિંસાખોરી (શારીરિક-માનસિક)થી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ મુજબની અરજી આથી **"અંશતઃમંજૂર"** કરવામાં આવે છે.

૨. સદર કામના સામાવાળા નાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ની કલમ-૧૮ મુજબ અરજદાર સાથે કૌટુંબિક હિંસાખોરી થાય તેવુ કોઈ કૃત્ય આચરવુ નહીં તેવો આથી, રક્ષણનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના સામાવાળા નાને ઘરેલુ હિંસાખોરી થી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ની કલમ-૧૯ મુજબ એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ રહેઠાણના હુકમ પેટે અરજદારોને માસિક રૂા.૧,૦૦૦/-( અંકે રૂપિયા એક હજાર પુરા ) આ અરજીની તારીખથી નિયમિત ચડચે-ચડ્યા ચુકવી આપવા.

૪. ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ ની કલમ-૨૦ અન્વયે, સામાવાળા નાએ અરજદાર નં.(૧) ને નાણાકીય સહાય પેટે માસિક રૂા.૫૦૦/- તથા અરજદાર નં.(૨) નાને માસિક રૂ.૫૦૦/- તથા અરજદાર નં.(૩) નાને માસિક રૂ.૫૦૦/- આ અરજીની તારીખથી નિયમિત ચડચે-ચડ્યા ચુકવી આપવા તેવો આદેશ કરવામા આવે છે.

૫. ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો-૨૦૦૫ ની કલમ-૨૨ અન્વયે, સામાવાળા નાએ અરજદારને આપેલ માનસીક તેમજ શારીરિક ત્રાસ ના વળતર પેટે રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) આપવા તેવો આદેશ કરવામા આવે છે.

૬. હાલની અરજીના ખર્ચ પેટે રૂપીયા ૫૦૦/– સામાવાળાએ અરજદારને અલગથી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૭. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે હાલના ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળના હુકમો અન્વયે કરવામાં આવેલ હુકમ ફેમીલી કોર્ટ, માંડવી દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૭/૨૦૨૪ માં કરવામાં આવેલ ભરણપોષણના હુકમ ઉપરાંતની છે.

૮. ઘરેલુ હિંસાખોરી થી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો–૨૦૦૫ની કલમ–૨૪ ની જોગવાઈ મુજબ અરજદાર તથા સામાવાળાને હુકમની એક–એક સહી–સિક્કાવાળી નકલ રજિસ્ટ્રાર–કમ–નાજરશ્રી, સિવિલ કોર્ટ–ઉમરપાડા, જી.સુરત નાઓએ વિનામૂલ્યે પૂરી પાડવી.

૯. વધુમાં અત્રેની અદાલતના રજિસ્ટ્રારશ્રીને આથી હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની એક સહી–સિક્કાવાળી નકલ પ્રોટેકશન ઓફિસરશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી–સુરતને હુકમનો અમલ કરાવવા સારૂ તેમજ એક નકલ અરજદાર તથા સામાવાળા જે પોલીસ સ્ટેશનની હદમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનને યાદી સાથે જાણ સારૂ મોકલી આપવી.

૧૦. વધુમાં સદર અરજીના કામે સામાવાળા નાએ અરજદારોને વચગાળાની રાહત પેટે કોઈ રકમ ચૂકવેલ હોય તો તે મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૪મી, માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૪/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જયુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )